# પ્રધાનમંત્રી ૨૭મીએ સૌની યોજનાના બે પ્રોજેક્ટ્સ સમર્પિત કરશે

## સૌરાષ્ટ્રની જીવાદોરી SAUNI યોજનાના બે પ્રોજેક્ટ્સ જનતાને સમર્પિત કરશે

ગાંધીનગર, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ અને ૨૮ જુલાઈના રોજ ગુજરાતના પ્રવાસે છે. પોતાની આ ગુજરાત યાત્રા દરમિયાન વડાપ્રધાન અનેક વિકાસકાર્યોની સાથે સૌરાષ્ટ્રના લોકોને જીવાદોરી સમાન SAUNI યોજના સંબંધિત એક મોટી ભેટ આપવા જઈ રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે SAUNI એટલે કે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન યોજના હેઠળ લિંક-૩ પેકેજ ૮ અને પેકેજ ૯નું નિર્માણકાર્ય પૂર્ણ કરી લીધું છે, અને ૨૭ જુલાઈના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ જ પ્રોજેક્ટને સૌરાષ્ટ્રની જનતાને સમર્પિત કરશે. ૯૫ ગામોની ૫૨,૩૯૮ એકર જમીન અને ૯૮ હજારથી વધુ લોકોને લાભ થશે. SAUNI પ્રોજેક્ટ હેઠળ તાજેતરમાં જ પૂર્ણ કરવામાં આવેલ લિંક ૩ પેકેજ ૮ અને ૯ થી સૌરાષ્ટ્રના ૯૫ ગામોની ૫૨,૩૯૮ એકર જમીનને સિંચાઈ અને લગભગ ૯૮ હજાર લોકોને પીવા માટે હવે નર્મદા નદીનું પાણી મળી શકશે. ઉલ્લેખનીય છે કે SAUNI પ્રોજેક્ટ અંતર્ગત લિંક-૩ના પેકેજ ૮ હેઠળ રૂ.૨૬૫ કરોડના ખર્ચે ભાદર-૧ અને વેરી બંધ સુધી ૩૨.૫૬ કિમી લંબાઈના ૨૫૦૦ મિમી વ્યાસવાળી એમ.એસ. પાઈપલાઈનની ફિડર એક્સ્ટેન્શન લાઈન બિછાવવામાં આવી છે. તેનાથી ૫૭ ગામોના ૭૫,૦૦૦થી વધુ લોકોને પીવાના પાણી માટે અને ૪૨,૩૮૦ એકરથી વધુ જમીનને સિંચાઈ માટે નર્મદાનું પાણી મળવા લાગશે. આ જ રીતે, લિંક ૩ના પેકેજ ૯ની વાત કરીએ તો રૂ.૧૨૯ કરોડના ખર્ચે આજી-૧ બંધ અને ફોફલ-૧ બંધ સુધી ૩૬.૫૦ કિમી લંબાઈની ૨૫૦૦ મિમી વ્યાસવાળી એમ.એસ. પાઈપલાઈનની ફિડર એક્સ્ટેન્શન



લાઈન બિછાવવામાં આવી છે. તેનાથી ૩૮ ગામોના ૨૩,૦૦૦થી વધુ લોકોને પીવાના પાણી માટે અને ૧૦,૦૧૮ એકરથી વધુ જમીનને સિંચાઈ માટે નર્મદાનું પાણી મળવા લાગશે. સૌરાષ્ટ્રની જીવાદોરી SAUNI યોજનાના મહત્વ વિશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, “SAUNI યોજના એ વડાપ્રધાનશ્રીનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આ પ્રોજેક્ટની પરિકલ્પના કરી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લા ૭ વર્ષોમાં ૧૨૦૩ કિલોમીટર પાઈપલાઈન બિછાવવામાં આવી છે અને ૯૫ જળાશયો, ૧૪૬ ગામોના તળાવો અને ૯૨૭ ચેકડેમ્સમાં કુલ અંદાજિત ૭૧,૨૦૬ મિલિયન ક્યુબિક ફીટ પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, જેનાથી લગભગ ૬.૫૦ લાખ એકર વિસ્તારમાં સિંચાઈની સુવિધાઓમાં સુધાર થયો છે અને લગભગ ૮૦ લાખની વસ્તીને પીના માટે મા નર્મદાના પાણી મળવા લાગ્યા છે.”

# સેમિકોન ઈન્ડીયા-૨૦૨૩ અંતર્ગત આયોજિત પ્રદર્શનનો ગાંધીનગર ખાતે શુભારંભ

## દેશમાં સૌપ્રથમ સેમિકન્ડક્ટર પોલીસી જાહેર કરીને ગુજરાત સેમિકન્ડક્ટર ક્ષેત્રને આપ્યું પૂરતું પ્રોત્સાહનઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે મહાત્મા મંદિર ખાતે સેમિકોન ઈન્ડીયા-૨૦૨૩ અંતર્ગત આયોજિત પ્રદર્શનનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈ.ટી રાજ્ય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખર પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદર્શનનો શુભારંભ કરાવ્યા બાદ મીડિયાને સંબોધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટર આધુનિક ઉદ્યોગ જગતની પાયાની જરૂરિયાત છે. ઈલેક્ટ્રોનિક્સ, ટેલીકોમ્યુનિકેશન, ઓટોમોટીવ, હેલ્થ કેર સહિતના વિવિધ ઉદ્યોગોમાં સેમિકન્ડક્ટરની ભૂમિકા મહત્વપૂર્ણ છે. એટલે જ, દેશમાં સૌપ્રથમ સેમિકન્ડક્ટર પોલીસી જાહેર કરીને ગુજરાત સેમિકન્ડક્ટર ક્ષેત્રને પૂરતું પ્રોત્સાહન આપી રહ્યું છે. આજે સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત દેશમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. દેશ-વિદેશની સેમિકન્ડક્ટર ચીપ કંપનીઓ દ્વારા ગુજરાતમાં સેમીકન્ડક્ટરના સેક્ટરમાં રોકાણથી રાજ્યમાં રોજગારીના નવા દ્વારા ખુલી રહ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સેમિકોન ઈન્ડિયા-૨૦૨૩ની કોન્ફરન્સ પહેલા આ ક્ષેત્રના વિવિધ પાસાઓને પ્રદર્શિત કરવા માટે આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ



પ્રક્રિયા અને તેના ક્ષેત્રમાં થયેલી પ્રગતિનું પ્રદર્શન કરવામાં આવ્યું છે, જે આ ક્ષેત્રમાં રસરૂચિ ધરાવતા લોકો ઉપરાંત સામાન્ય નાગરીકો માટે આકર્ષણ બનશે. ગુજરાતના એન્જિનિયરીંગ તેમજ સાયન્સ સ્ટ્રીમના વિદ્યાર્થીઓ માટે સેમિકન્ડક્ટર ચીપ નિર્માણની જટીલ પ્રક્રિયાઓને સમજવા માટેની આ સુવર્ણ તક છે. વિદ્યાર્થીઓ આ એક્ઝિબિશનના વિવિધ સ્ટોલમાંથી સેમિકન્ડક્ટર ઉદ્યોગને લગતી તમામ માહિતી મેળવી ભરપૂર જ્ઞાન મેળવશે અને આ સોનેરી તકનો લાભ લેશે, તેવી મુખ્યમંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઉદ્યોગ જગતના મુલાકાતીઓ માટે આ પ્રદર્શન સેમિકન્ડક્ટર ઉદ્યોગની અનુભવી વ્યક્તિઓ સાથે સંપર્કો બનાવવા, પોતાની પ્રોડક્ટને સમજાવવા, કસ્ટમર બેઝ વધારવા તેમજ તેમના ઉદ્યોગને એક નવા સેક્ટરમાં વિસ્તાર કરવા માટે નવી તકો પૂરી પાડશે. ગુજરાતના ઉદ્યોગકારોએ પણ આ પ્રદર્શનની મદદથી સેમિકન્ડક્ટર ઉદ્યોગની જરૂરિયાતોને સમજીને, માઈક્રોન ટેકનોલોજી તેમજ સેમિકન્ડક્ટર ઉદ્યોગને લગતી ભવિષ્યમાં ભારત તેમજ ગુજરાતમાં આવનાર અન્ય કંપનીઓના સપ્લાય પાર્ટનર બનવાની તકને ઝડપી પોતાના ઉદ્યોગનો આ વિકસતા ક્ષેત્રમાં વિસ્તરણ કરવો જોઈએ, તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

### ટ્રાફિકના નિયમો સંદર્ભે સ્પેશિયલ ડ્રાઈવ

# રાજ્યમાં રોડ સેફ્ટીને લઈ પોલીસની મેગા ડ્રાઈવ : કુલ ૨૭૩૯ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૨૫

અમદાવાદમાં ઈસ્કોન બ્રીજ અકસ્માત બાદ પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવની શરૂઆત કરવામાં આવી છે. ન માત્ર અમદાવાદ પરંતુ રાજ્યમાં પોલીસની રોડ સેફ્ટીને લઈ મેગા ડ્રાઈવ શરૂ થઈ છે. આજથી એક મહિના માટે ઓવર સ્પીડિંગ સહિત ટ્રાફિકના નિયમો સંદર્ભે સ્પેશિયલ ડ્રાઈવ થશે અને નિયમનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.વાહનો પર જોખમી સ્ટંટ કરતા લોકો, પોલીસ કાયદાનું ઉલ્લંઘન કરનાર લોકો, ઓવર સ્પીડિંગ કરતા વાહન ચાલકો પર પોલીસની નજર રહેશે અને આવા નબીરાઓની સામે પોલીસ મેમો સહિત એક્શન પણ લેશે.

આજથી એક મહિના સુધી રાજ્યભરમાં ટ્રાફિકનાં નિયમોનું ભંગ કરનારાઓની સામે એક્શન લેવાની તૈયારીમાં ગુજરાત પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરી છે. અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં સ્પીડગનથી પોલીસ ગાડીઓની સ્પીડનું મોનીટરીંગ કરશે. ઓવર સ્પીડીંગમાં જતાં વાહનોને મેમો/દંડ ભોગવવો પડી શકે છે. રાજ્ય પોલીસ વડાએ સ્પેશિયલ ડ્રાઈવના આદેશ આપ્યાં બાદ અમદાવાદના સિંધુ ભવન, જીજ઼ હાઈવે સહિતના વિસ્તારમાં પોલીસનું ચેકીંગ શરૂ થયું જેમાં અનેક લોકો કાયદાનો ભંગ કરતાં નજરે પડ્યાં હતાં.

રાજ્યમાં પોલીસની રોડ સેફ્ટીને લઈને શરૂ થયેલ મેગા ડ્રાઈવ દરમિયાન ૨૨ અને ૨૩ જૂલાઈએ કુલ ૨૭૩૯ એવા કેસો નોંધાયા જેમણે ટ્રાફિક કાયદાનો ભંગ કર્યો હોય. ઓવર સ્પીડમાં ૧૮૬૯, સ્ટંટના ૫૧૨ જ્યારે ડ્રંક એન્ડ ડ્રાઈવના ૩૫૮ કેસ નોંધાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરત શહેરમાં સૌથી વધુ ટ્રાફિક નિયમ ભંગનાં કેસો નોંધાયા છે જેમાં ઓવર સ્પીડના ૭૧૦, ડ્રંક એન્ડ ડ્રાઈવના ૫૧, સ્ટંટના ૨ કેસ નોંધાયા છે

## સંજીવ ભટ્ટે ડિસ્ચાર્જ અરજી ફાઇલ કરી

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં ૨૦૦૨ના રમખાણો બાદ તત્કાલીન સીએમ મોદી અને રાજ્યને બદનામ કરવાના કેસમાં તિસ્તા સેતલવાડ,પૂર્વ ડીજીપીઆર.બી. શ્રીકુમાર અને પૂર્વ આપીએસ ઓફિસર સંજીવ ભટ્ટ સામે સિટની તપાસ ચાલી રહી છે.ત્યારે પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટે ડિસ્ચાર્જ અરજી ફાઈલ કરી છે. સેશન્સ કોર્ટ અગાઉ તિસ્તા સેતલવાડ અને આર.બી. શ્રીકુમારની પણ ડિસ્ચાર્જ અરજી ફગાવી ચૂકી છે. સંજીવ ભટ્ટ સામે સહ આરોપીઓ સાથે મળીને કાવતરું ઘડવાનો આક્ષેપ છે. આ કેસ પર હવે આગામી સુનાવણી ૩ ઓગસ્ટે થશે.

# રાજકોટમાં પીએમ મોદી દ્વારા ૨૭મીએ લાઈબ્રેરીનું લોકાર્પણ

## ૮.૩૯ કરોડના ખર્ચે તૈયાર લાઈબ્રેરી ત્રણ માળમાં ફેલાયેલી છે

રાજકોટ, તા.૨૫

રાજકોટના વાંચનપ્રેમીઓને નવી ભેટ મળવા જઈ રહી છે. રાજકોટના વોર્ડ નંબર ૬માં નિર્મીત અદ્યતન લાઈબ્રેરીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૨૭મી જૂલાઈએ લોકાર્પણ થવા જઈ રહ્યુ છે. ૮.૩૯ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ લાઈબ્રેરી ત્રણ માળમાં ફેલાયેલી છે.

જેમા વાંચનપ્રેમીઓ માટે પુસ્તકોના વિશાળ ખજાના સાથે કલા, સાહિત્યલક્ષી પ્રવૃતિઓ માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે. વાંચવાના શોખીન રાજકોટિયન્સ માટે રાજકોટ મ્યુનિસિપલલ કોર્પોરેશન દ્વારા વોર્ડ નંબર ૬માં ગોવિંદબાગ પાસે ૧૫૯૬ ચોરસ મીટર જેવી વિશાળ જગ્યામાં ત્રણ માળની લાઈબ્રેરીનું બાંધકામ કરવામાં આવ્યુ છે.

આ સાથે ઓનલાઈન ડેટા એક્સેસ કેટલોગ, ઓનલાઈન ઈ-બુક, ઈ-જર્નલ વગેર સુવિધા છે. રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે પણ અહીં વિશાળ સ્ત્રોતની સુવિધા ઊભી કરાઈ છે. વિદ્યાર્થીઓ-યુવાનો સિવિલ સેવા તેમજ સરકારી સેવામાં જોડાવા માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતા હોય છે ત્યારે અહીં યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી. તથા અન્ય ઉચ્ચ અભ્યાસની તૈયારી માટે સ્ટુડન્ટ સ્ટડી કોર્નરની વ્યવસ્થા નિર્માણ કરાઈ છે.બહેનો, બાળકો તથા વિદ્યાર્થીઓને ઉપયોગી એવી વિવિધ વાચન સામગ્રી, એજ્યુકેશનલ જનરલ નોલેજ, જિયોગ્રાફી, સ્પોર્ટ્સ, જ્યોતિષ, ધર્મ, પઝલ્સ, યોગ તથા આરોગ્ય વિષયક વિવિધ ૨૦૦ જેવા મેગેઝીન તથા૨૦ જેવા વર્તમાનપત્રો આ લાઈબ્રેરીમાં વાંચવા મળશે. અહીં ઈ-લાઈબ્રેરી, વાઈફાઈ સેવાઓ, ઓનલાઈન પબ્લિક એક્સેસ, કરંટ એક્સેસ સર્વિસ, રેડી રેફરન્સ સર્વિસ, જનરલ વાંચનાલય, વિદ્યાર્થી વાંચનાલય, મેગેઝીન ક્લબ સેવા, ઝેરોક્ષની સુવિધા, ડિજિટલ લાયબ્રેરી સેવા, ઈન્ટરનેટ સર્ચ જેવી સેવાઓ પણ મળશે.

બાળકોની કલ્પનાશક્તિ અને વિચારવાની ક્ષમતામાં વધારો થાય, તે માટે વિવિધતાસભર બાળસાહિત્ય પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત, બાળકો માટે બોર્ડ, લર્નિંગ ગેમ્સ, વુડન તેમજ સોલ્યુશન વગેરે પઝલ, વિવિધ રમતો, મ્યુઝિકલ બેટરી ઓપરેટેડ રમકડાં વગેરે જેવા ૧૯૦૦થી વધુ પઝલ્સ અને રમકડાંઓનો ખજાનો પણ અહીં છે. લાયબ્રેરીમાં મિનિ થિયેટર નિર્માણ પણ કરાયું છે.

બાળફિલ્મ શો, ડોક્યુમેન્ટરી શો, વર્કશોપ, બુક રીવ્યૂ, બુક ટોક, ક્વિઝ કોમ્પિટિશન, સેમિનાર, કાઉન્સેલિંગ, કાવ્ય પઠન, ફિલ્મ રીવ્યૂ, પ્રસિદ્ધ ફિલ્મોના શો તેમજ વિવિધ સ્પર્ધાના આયોજન સાથે લોકોને મનોરંજન સાથે જ્ઞાન પીરસવામાં આવશે. જાહેરજનતા આ લાયબ્રેરીનો લાભ સોમવારથી શનિવાર સવારે ૯ વાગ્યાથી સાંજે ૭.૩૦ વાગ્યા સુધી તથા રવિવારે ૮ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી લઈ શકશે.



આપ પાર્ટી દ્વારા મણિપુરમા મહિલાની સાથે થયેલ અસભ્ય વર્તનના વિરોધમાં જુના વાડજ ચાર રસ્તા પાસે દેખાવ યોજયા હતા.

# શાંતાબા મેડિકલ કોલેજને ઓપરેશનમાં બેદરકારી માટે રૂપિયા પાંચ કરોડનો દંડ

અમરેલી, તા.૨૫

અમરેલિમાં આવેલી શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં આંખના ઓપરેશન બાદ ૧૨ દર્દીઓએ આંખની રોશની ગુમાવી હતી. આ ઘટનાની તપાસ માટે ઈક્વાયરી કમિટી બનાવવામાં આવી હતી. કમિટીએ પોતાનો રિપોર્ટ સોંપી દીધો છે. રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા શાંતાબા મેડિકલ કોલેજ અને હોસ્પિટલને આ ગંભીર બેદરકારી અને ગેરરીતિ બદલ રૂ. પાંચ કરોડનો દંડ ફડકારવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, કુલ ૧૨ જેટલા દર્દીઓ શાંતાબા મેડિકલ કૉલેજની બેદરકારીનો ભોગ બન્યા હતા. આ દર્દીઓ પ્રત્યે માનવીય અને સંવેદનશીલ અભિગમ દાખવીને સંપૂર્ણપણે દ્રષ્ટિ ગુમાવનારને રૂ. ૧૦ લાખ જ્યારે અંશત : દ્રષ્ટિ ગુમાવનાર દર્દીને રૂ. પાંચ લાખનું વળતર ચૂકવવાનો આરોગ્ય વિભાગ દ્વારા હોસ્પિટલને આદેશ કરવામાં આવ્યો છે. આ બેદરકારીનો ભોગ બનેલા અને સઘન સારવારના અંતે દ્રષ્ટિ પાછી મેળવી હોય તેવા દર્દીને રૂ. ૨ લાખ ચૂકવવાનો આદેશ કરાયો છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, રાજ્યના એક પણ નાગિરકના આરોગ્ય સાથે ચેડા કરતી કે ગેરરિતી આચરતી હોસ્પિટલ સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

### મંજૂર કરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાબદારી સોંપવામાં આવે તે યોગ્ય નથી. આ પછી દરખાસ્તને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

આ દરખાસ્તમાં મનપા ખાતે શાખાની વહીવટીય કામગીરી માટે સિનીયર વહીવટીય અધિકારી અને એક કચેરી અધિક્ષક તેમજ સેનેટરી ઈન્સ્પેક્ટરની ત્રણ નવી જગ્યા ઉભી કરવાની દરખાસ્ત છે.

બીજી તરફ હાલ ઢોરવાડામાં ક્ષમતા કરતાં વધુ પશુઓ હોવાથી ૨૫ જેટલી જગ્યાઓ ગોવાળની પણ આઉટ સોર્સથી ઉભી કરવાની સૂચનાઓ મેયરની કચેરીએથી અલગથી આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન આજે મનપા ખાતે ચૂંટાયેલી પાંખ અને સંગઠ્ઠનની બેઠકમાં પણ સીએનડીસી વિભાગની નબળી કામગીરી છવાયેલી રહી હતી.

### ડ્રો કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાની યોજના પણ અધ્ધરતાલ રહી છે . આ આવાસ યોજનામાં વાવોલ વિસ્તારમાં બે યોજના, સરગાસણ અને વાસણા હડમતિયા વિસ્તારની એક-એક યોજના સમાવિષ્ટ છે. જ્યારે આ યોજનાનું કામ શરૂ કરતાં પૂર્વે જ રેરાની મંજુરી મેળવવાનું ફરજિયાત પણ હોય છે. આવા સંજોગોમાં મંજુરીના અભાવે કામગીરી વિલંબમાં પડી છે બિલ્ડર્સ, ડેવલપર્સને આર્થિક નુકશાની વેઠવી પડે છે યોજના અન્વયે મકાનમાં કે ફ્લેટ તેમજ તેના ક્ષેત્રફળ, કેમ્પસમાં અપાનારી સુવિધા, પઝેશન સહિતની બાબતો મંજુરીની અરજી કરવાની સાથે બિલ્ડર્સ, ડેવલપર્સ દ્વારા રેરાને દસ્તાવેજ સહિતના પુરાવા રજૂ કરવાના હોય છે. ભાવિ સંજોગોમાં ગ્રાહક ત્રુટિ સંદર્ભે રેરામા સમક્ષ દાદ માંગી શકે છે. હવે રેરામાં નિવૃત સનદિ અધિકારી અનિતા કરવલની નિમણૂંક કરી દેવામાં આવી છે. જેથી મંજુરીની પ્રક્રિયામાં પણ ઝડપ આવશે.

### બદલીનો લાભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ’સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં શિક્ષકો માટે જિલ્લા ફેર બદલીનું આયોજન આગામી તા.૨૬ થી તા.૨૮ જુલાઈ ૨૦૨૩ સુધી ત્રણ દિવસ દરમિયાન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજિત ૧૨,૦૦૦ કે તેથી વધુ શિક્ષકોને પોતાના વતનના જિલ્લામાં જિલ્લાફેર બદલીનો લાભ મેળવશે’,

### રીનોવેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુલક્ષી જરૂરી કામ હાથ ધરવામાં આવશે. જેમાં પેવર બ્લોક અને ચેઈનલીંક જાળીનુ કામ હાથ ધરવામાં આવશે. જેની પાછળ અંદાજિત રૂ ૪૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. શહેરમાં એકબાજુ જુના મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે નવા આવાસો બાંધવા માટે પણ થોડા સમય અગાઉ જ સાઈટ પસંદગી માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકને લાયક મકાનો નથી ત્યારે આવાસોની ઘટનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે.

જયારે જુના આવાસો તોડવાની કામગીરી દરમિયાન અમુક મકાનો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોવાછતા તોડી પાડવામાં આવતા હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે જો કે ડિઝાઈન સર્કલના અભિપ્રાયના અંતે જ આ કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. આ સ્થિતિ વચ્ચે આવાસની ઘટના લીધે રહેણાંક માટે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ તંત્રના ચોપડે મોટી થતી હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. ત્યારે નવા મકાનો બાંધવાની સાથે જે આવાસો રીનોવેશન હેઠળ આવરી લઈ શકાય તેવા હોય તેનુ પણ અગ્રતાના ક્રમે મજબુતીકરણ હાથ ધરવામાં આવી રહ્યુ છે.

### ૧૪ બસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન મળતી હોવાનો આક્રોશ પણ ઘણીવાર ઉઠવા પામે છે. ગાંધીનગર અમદાવાદના રૂટમાં અપડાઉન કરતા મુસાફરોની સંખ્યા વિશેષ જોવા મળે છે. અલબત્ત ટ્રાફિકનુ પ્રમાણ વધુ રહે છે. આ સ્થિતિમાં એસ ટી ડેપો દ્વારા અન્ય રૂટ માટે બસો ફાળવી દેવામાં આવતા મુસાફરોએ હાલાકી વેઠવી પડતી હોય છે. ડેપો તંત્ર દ્વારા કાર્યક્રમ અન્વયે ૧૪ બસો અન્ય રૂટ પર દોડવામાં આવશે જેના લીધે અનેક રૂટોનુ સંચાલન ખોરવાઈ જશે અગાઉ પણ આવી સ્થિતિ થઈ છે. બસ સેવાના અભાવે મુસાફરોએ ખાનગી વાહન સેવાનો આશરો લેવાની ફરજ પડી છે. એસ ટી ડેપો કક્ષાએથી કાર્યક્રમોને અનુલક્ષી બસ સેવા ફાળવવામાં આવે છે તેવા સમયે મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે. જેના લીધે એસ ટીના રૂટીન વ્યવ્હારમાં મુસાફરોને કોઈપણ પ્રકારની હાલાકી વેઠવાનો વારો આવે નહીં.

### રચના કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવી અને સમિતિઓની રચનાના નિર્ણયને આવકાર્યો હતો.

તેમણે કહ્યુ કે સમિતિઓની રચનાથી વહીવટીય કામગીરીનું વિકેન્દ્રીકરણ થશે. મનપાની કામગીરી હદ વધતાં વધવા પામી છે અને સમિતિઓની રચના માટે આ યોગ્ય સમય છે. સમિતિઓની રચના નાણાંકીય સત્તાઓ સાથે કરવામાં આવી રહી છે તેથી મનપાનો વહીવટ વધુ લોકાભિમુખ બનશે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

આજની આ બેઠકમાં એડવાન્સ મિલ્કત વેરો ભરનારા કરદાતાઓની મુદત ૩૦-૬-૨૦૨૩ સુધી વધારવામાં આવેલ તેને પણ બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત આરોગ્ય સાથે સીધી રીતે સંકળાયેલ સંવર્ગો માટે કેટેગરીવાઈઝ જગ્યાના બે ગણા ઉમેદવારોને પ્રતીક્ષાયાદીમાં સમાવવા બાબતની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી છે.

આ બેઠકમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૧ની હદ અંગે મુખ્ય નગર નિયોજક પાસેથી પરામર્શ મેળવવા માટે કમિશનરને સત્તા આપતી દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે.

### ગરમી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દર્દીઓનો દર ૨૦૨૨થી વધુ થઈ ગયો છે. સૌથી વધુ વૃદ્ધો અને બાળકો આ ગરમીને લીધે તકલીફમાં છે જેમાંથી અનેક લોકો અસંતુલિત થઈને ઢળી પડ્યા હતા. નશો કરનારા લોકોની હાલત પણ દયનીય થઈ ગઈ છે. હવે જુલાઈ પૃથ્વી પર સૌથી વધુ ગરમ મહિનો તરફ બનવા અગ્રેસર છે.

### નહીં કરાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

તો અગ્નિવીર યોજના હેઠળ નેપાળના સૈનિકોની ભરતી કરવા માંગતુ હતુ પણ નેપાળની સરકારે આ યોજનાનો વિરોધ કર્યો હતો. હવે ભારતે જ આ યોજના હેઠળ નેપાળના લોકોની ભરતી નહીં કરવાનુ નક્કી કર્યુ છે.

### રાત ધરણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બહાર ધરણા પ્રદર્શન કર્યુ હતું, જેમાં આપના સાંસદો સંજય સિંહ, સંદીપ પાઠક અને સુશીલ ગુપ્તા સાથે ટીએમસી નેતા ડોલા સેન, શાંતા છેત્રી જ્યારે કોંગ્રેસના ઈમરાન પ્રતાપગઢી, અમીબેન અને જેબી માથેર તેમજ સીપીએમ નેતા બિનોય વિશ્વમ, સીપીઆઈ નેતા રાજીવ અને બીઆરએસ નેતાઓએ હાજરી આપી હતી.

આપ સાંસદ સંજય સિંહે સંસદની બહારથી એક તસવીર પોસ્ટ કરી છે, જેમાં તેઓ બેઠેલા જોવા મળી રહ્યા છે. આ સાથે તેમણે એક કેપ્શન પણ આપ્યું છે, જેમાં લખ્યું છે, ’દરેક રાતની એક સવાર હોય છે. સંસદ સંકુલ. બાપુની પ્રતિમા. મણિપુરને ન્યાય આપો.

### વોરંટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. ચૂંટણી પંચે ઈસ્લામાબાદના ઈન્સ્પેક્ટર જનરલને ઈમરાન ખાનની ધરપકડ કરવા અને ૨૫ જુલાઈના રોજ સવારે ૧૦ વાગ્યે તેમની સમક્ષ હાજર કરવાનો નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચે ગયા વર્ષે પીટીઆઈના વડા અને પક્ષના બે પૂર્વ નેતાઓ સામે અવમાનનાની કાર્યવાહી શરૂ કરી હતી.

### વાલીઓ માટે ચેતવણી સમાન કિસ્સો

# બારી પાસે ફોનમાં ગેમ રમતી ૫ વર્ષીય બાળકીને ગમછાનો ફાંસો લાગતાં મોત

## ફોનનું નેટવર્ક ન આવતા બારી પાસે બાળકી રમતી હતી

સુરત, તા.૨૫

સુરતમાંવાલીઓ માટે ચેતવણી સમાન કિસ્સો સામે આવ્યો છે. બારી પાસે ફોનમાં ગેમ રમતી ૫ વર્ષીય બાળકીને ગમછાનો ફાંસો લાગતાં મોત થયું છે. શહેરના અમરોલી વિસ્તારમાં ફોનનું નેટવર્ક ન આવતા બારી પાસે બાળકી રમતી હતી ત્યારે આ ઘટના બની હતી. ઘટના બની ત્યારે બાળકીના પિતા મનોજભાઈ શાકભાજી લેવા ગયા હતા અને તેમના પત્ની રસોઈ બનાવી રહ્યાં હતા. ગમછો કોઈક રીતે ગળે વિંટળાયા બાદ પગ લપસી જતા ફાંસો લાગી ગયો હતો. બારી પાસે બાંધેલી દોરી પર ગમછો સુકવવા નાંખેલો હતો. રમતા રમતા કોઈક રીતે તેણે ગમછો ગળામાં લપેટી લીધો હતો અને પગ લપસી જતા તેને ફાંસો લાગી ગયો હતો. ગળાની નસ દબાઈ ગઈ હોવાથી તેને બેભાન હાલતમાં પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરી હતી.

સારવાર દરમિયાન બાળકીનું મોત થતાં પરિવાર શોકમગ્ન બની ગયો હતો. અમરોલી કોસાડ આવાસ ખાતે બારી પાસે બેઠેલી ૫ વર્ષની બાળાના ગળામાં રહસ્યમય સંજોગમાં સુકવવા માટે ગમછાથી ટુંપો લાગી જતાં કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આ અંગે જાણવા મળતી વિગત પ્રમાણે, મૂળ ઓરિસ્સાના ગંજામના વતની અને હાલ કોસાડ આવાસ ખાતે રહેતા મનોજ કુમાર જૈના છુટક મજૂરી કરે છે. ૨૧ જુલાઈની રાત્રે મનોજકુમાર જૈના શાકભાજી લેવા નીચે ગયા હતા અને માતા રસોઈ બનાવતી હતી. તે સમયે દિકરી ઘરની બારી નજીક મોબાઈલ લઈને રમતી હતી. આ દરમિયાન કપડાં સુકાવવાની દોરી ઉપર ગમોછો સુકાવા મૂક્યો હતો. પગ લપસતાં ગમછો ગળાના ભાગે વીંટળાઈ જતાં ટૂંકપો લાગી ગયો હતો. જે બાદ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં તેનું નિધન થયું હતું. કે દોરી ઉપર સુકાઈ રહેલા ગમછાનો મોબાઈલ સાથે રમતી બાળકીને કેવી રીતે ટૂંપો લાગ્યો તે વાત ગળે ઉતરતી નથી. હાલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.